# આકોલી પગાર કેન્દ્ર શાળાનું નવું મકાન બનાવતા જ વરસાદથી મેઈન દિવાલ પાસે તીરોડા પડી

કાંકરેજ, તા. ૩

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના આકોલી ઠા. વાસ ખાતે આવેલ નવી બનાવેલ આકોલી પે. કેન્દ્ર શાળાનુ મકાન વરસાદ થતાં જ કોન્ટ્રાક્ટરની



ક્ષતીઓ બહાર આવવા પામી છે. જો કે સામાન્ય વરસાદથી જો સીડીનો ભાગ અને દિવાલના ભાગે પોલ પડી જાય અને તીરાડો પડે તો કેટલા અંશે સારી કામગીરી કહેવાય. બાળકો અને શિક્ષકો માટે જોખમ કે સેફટી? આમ એસએસએ (સર્વે શિક્ષા અભિયાન) દ્વારા નવુ મકાન આકોલી ઠા. વાસ ખાતે બનાવવામાં આવ્યું છે. જેમાં અશ્વિનભાઈ શાહ, ભારતસિંહ ભટેસરીયા અને બાબુભાઈનુ મુખ્ય યોગદાન છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા ઢીલીનીતીથી કામગીરી કરાઈ કે હલકી કામગીરી કરવામાં આવી તે તો તંત્રના અધિકારીઓ સ્થળ ઉપર આવી ચકાસણી કરશે ત્યારે બહાર આવશે. જો કે આ બાબતે શાળાના શિક્ષક બળવંતજી દુદેચા અને તાલુકા શિક્ષણ અધિકારી હસુમતીબેન સાથે મિડીયાએ વાત કરતા તેઓએ આ બાબતે એન્જીનીયરને જાણ કરશે તેવુ જણાવ્યુ હતુ. ત્યારે જોવુ એ રહ્યુ કે હવે તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ કેવી કાર્યવાહિ કરાશે.

# સુરતમાં વેપારીઓ પર લાઠીચાર્જ

## જીએસટીનો વિરોધ કરી રહેલા ટેક્ષટાઈલના વેપારીઓને બે જુથમાં વહેંચવામાં સાંસદ સફળ : વિરોધ કરતા વેપારીઓ પર લાઠીચાર્જ કરાયો

સુરત,તા.૩

જીએસટી અમલી થઈ ચુક્યું છે. જો કે તેમ છતાં દેશમાં ઘણી જગ્યાએ તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. સુરતમાં પણ ૭૫ હજાર જેટલા કાપડના વેપારીઓ જીએસટીના વિરોધમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. અચોક્કસ મુદતની હડતાળ સાથે વિરોધમાં ઉતરેલા વેપારીઓ પર પોલીસે લાઠીઓ વરસાવી હતી. જ્યારે કેટલાક વેપારીઓની અટકાયત પણ કરાઈ હતી. સુરતમાં આશરે ૧૬૩ જેટલી માર્કેટના ૭૫ હજારથી વધુ કાપડ વેપારીઓ જીએસટીના વિરોધમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. સુરતના રિંગ રોડ સ્થિત મિલેનિયમ માર્કેટ ખાતે મોટી સંખ્યામાં ભેગા થયેલા વેપારીઓએ જીએસટીના વિરોધમાં પોતાનો રોષ ઠાલવ્યો હતો.



જ્યારે કે માર્કેટના કર્તા હર્તા દ્વારા દુકાનો ખુલ્લી રાખવા માઈકમાં એનાઉન્સ કરાતાં ભારે હોબાળો થયો હતો. મોટી સંખ્યામાં હોબાળો કરી રહેલા વેપારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. મામલો થાળે પાડવા પોલીસે વેપારીઓ પર લાઠીઓ વરસાવી હતી. કેટલાક વેપારીઓની અટકાયત પણ કરવામાં આવી હતી. વેપારીઓએ પોલીસ પર ખોટી રીતે લાઠીચાર્જ કરવાનો આક્ષેપ કર્યા હતા.

મહત્વનું છે કે અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરેલા હજારોની સંખ્યામાં વેપારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને સુત્રોચ્ચાર કર્યા હતા. કાપડ પરથી ૫ ટકા જીએસટી હટાવવાની માંગ સાથે વેપારીઓએ સાંસદ સી.આર. પાટીલ સામે પણ નારા લગાવ્યા હતા.

માર્કેટમાં સમાધાન માટે આવેલા નવસારી સાંસદ સી.આર.પાટીલનો વિરોધ કરતાં વેપારીઓ દ્વારા હુરિયો બોલાવવામાં આવ્યો હતો. અને સાંસદ વિરુધ્ધ નારેબાજી કરવામાં આવી હતી. અને જીએસટી રદ્દ કરવાની માંગ પણ કરવામાં આવી હતી. જો કે વેપારીઓએ પાટીલની વાત માનવાની જગ્યાએ વિરોધ કરી હતી.

દેશભરના ટેક્સટાઈલ વેપારીઓમાં કાપડ પર પાંચ ટકાના જીએસટીના સ્લેબને લઈ વિરોધ છે. જેમની આગેવાની લઈ સુરત જીએસટી સંઘર્ષ સમિતિ દ્વારા હડતાળનું આહવાન કરાયું હતું.

# ઝરમર ઝરમર વરસાદથી વાવણી બાકી અરવલ્લીના ખેડૂતોની આવક ૩૦ ટકા જ થશે

અરવલ્લી, તા. ૩

હવામાન ખાતાની આગાહી મુજબ ચોમાસામાં સારો વરસાદ થશે જેથી ખેડૂતો આનંદમાં હતા. વડાપ્રધાનની વાત પણ ખેડૂતોની ખેતીની આવક બમણી થશે તેવી જાહેરાત હતી પરંતુ કુદરત આગળ કોઈનુ ચાલતુ નથી. દર વર્ષે ૧૫ જૂનથી વરસાદ આવે અને વાવણી થઈ જાય પરંતુ ચાલુ વર્ષે તો વરસાદ ૨૬ જૂને આવ્યો પરંતુ અધકચરો ઓછો વરસાદ હોવાથી ખેતી વાવણી ન થઈ. ટપકતી જેમને વ્યવસ્થા હતી તેઓએ કપાસ મકાઈ વાવી દીધી હવે ૨૯ જૂનથી ધીમો ધીમો વરસાદ રાત દિવસ ચાલુ છે. જેથી ખેતી કરવા દેતો નથી. ખેતરો ખેડ્યા વિનાના છે જેથી અરવલ્લી જિલ્લામાં ખેડૂતોની દશા બેહાલ થવાની છે. બોરમાં પાણી નથી. ટપકની સગવડ નથી. વરસાદ રાત દિવસ ચાલુ હોવાથી ગૌધન બહાર જઈ શકતુ નથી. હવે શ્રાવણના તહેવારો પછી વરસાદ મોટાભાગે વિદાય લે છે. હાલ અષાઢ માસની નોમ-દસ થઈ જેથી વરસાદની વિદાયને સવાથી દોઢ મહિનો બાકી છે ત્યારે ખેડૂત બિચારો કયા પ્રકારની હડતાલ પાડે જેથી વાવણી થાય. બમણી આવકની આશા છોડી ચોથા ભાગની પણ આવક થવાની નથી તેવી મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ખાખરીયા તરકવાડાના ખેડૂતોની હૈયાવરાળ છે.

# અરવલ્લી જિલ્લાના પેજ પ્રમુખો ૧૧મીના મહાસંમેલનમાં જોડાશે

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આજે જિલ્લા ભાજપના હોદ્દેદારો, કારોબારી સભ્યો, મોરચા પ્રમુખો અને અપેક્ષિત કાર્યકર્તાઓની એક બેઠક પ્રદેશ મંત્રી અને જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી અને જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

જેમાં આગામી ૧૧મી જુલાઈના રોજ જિલ્લાના દરેક બુથના પેઝ પ્રમુખોનું ગાંધીનગરમાં યોજાનાર વિજય વિશ્વાસ પેઝ પ્રમુખ મહા સંમેલન સંદર્ભે કાર્યકર્તાઓને અને તાલુકા પ્રમુખો-મહામંત્રીઓ સાથેની બેઠક યોજાઈ હતી. જેમાં વિગતે ચર્ચા કરવામાં આવી હતી.




આ બેઠકમાં પ્રદેશ કારોબારી સભ્ય કનુભાઈ પટેલ દ્વારા જીએસટી અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.બેઠકમાં અન્ય મહામંત્રીઓ એસ.એમ.ખાંટ, ધિમંતભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, બક્ષી મોરચા પ્રમુખ ભીખુસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.



## મહેસાણા પંચાયત કર્મચારી કો.ઓ. બેંકમાં ચાવડા પેનલનો જંગી વિજય

મહેસાણા જિલ્લા પંચાયત કર્મચારી કો.ઓપ. બેન્ક લી.ની રસાકસી ભરી ચૂંટણી તા. ૨-૭-૨૦૧૭ના રોજ મહેસાણા ખાતે યોજાઈ હતી. આ ચુંટણીમાં બેંકના પૂર્વ ચેરમેન કિરીટસિંહ ચાવડા જિ.પં. ગાંધીનગર સમર્થીત પરિવર્તન પેનલનો સદભાવના પેનલ સામે ભવ્ય વિજય થયો હતો. આ બેન્કમાં મહેસાણા, પાટણ, ગાંધીનગરના જિલ્લા પંચાયતના કર્મચારીઓ કુલ ૪૩૬૪ સભાસદો છે. રસાકસી ભરી ચુંટણીમાં ૨૫૯૯નું ૫૩ ટકા મતદાન થયેલ જેમાં પરિવર્તન પેનલના તમામ ૧૭ ઉમેદવારો ભારે બહુમતીથી વિજયી થયા હતા. આ ચુંટણીમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓ, મહેસાણા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ કાંતિભાઈ સુથાર, બેન્કના ચેરમેન હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ, પાટણના આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ બાબુભાઈ પટેલ વગેરે પરિવર્તન પેનલને ભવ્ય વિજય અપાવવા ખુબ જ જહેમત ઉઠાવી હતી. આ તબક્કે પરિવર્તન પેનલને ભવ્ય વિજય અપાવવા બદલ કિરીટસિંહ ચાવડા દ્વારા ગાંધીનગર, મહેસાણા, પાટણ જિલ્લાના કર્મચારીઓનો હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

# ધાનેરાની મહેશ પ્રોવિઝન નામની દુકાનમાં ચોરી

ધાનેરામાં આવેલી કરીયાણાની દુકાનમાં કોઈ અજાણ્યા ચાર ઈસમો ચોરી કરતા સીસીસટિવી કેમેરામાં કેદ થયા હતા ત્યારે દુકાનદારે સીસીસટિવી ફૂટેજના આધારે ધાનેરા પોલીસ




મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કાર્ય છે.

ધાનેરા ડીસા હાઈવે રોડ પર આવેલી માહેશ્વરી પ્રોવિઝન અને જલારામ ટ્રેડિંગ નામની દુકાનમાં કોઈ અજાણ્યા ચાર ઈસમોએ રાત્રીના સમયે દુકાનના તાળા તોડી દુકાનમાં પ્રવેશ્યા હતા અને દુકાનમાં પડેલ ૫૦ હજાર જેટલા સિક્કા અને ચલણી નોટ કુલ મળી ૯૫૦૦૦ હાજરની રોકડ રકમની ચોરી કરતા ચાર ઈસમો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. દુકાન માલિક દશરથભાઈ માહેશ્વરીને સવારે દુકાનમાં ચોરી થયાની જાણ થતા તેમને સીસીટીવી ફૂટેજના આધારે ચાર ઈસમો સામે ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

દુકાન માલિક દ્વારા ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવતા ધાનેરા પોલીસે ચોરીની ફરિયાદ નોંધી ચાર ઈસમોને પકડવા માટે ચક્રોગતિમાન કાર્ય છે.

# રાજયના ૨૦૪ જળાશયોમાં ૯૦ ટકાથી વધુ ભરાયા

ગુજરાત રાજયમાં સાર્વત્રિક જોરદાર અને મુશળધાર વરસાદને પગલે રાજયના જળાશયોની સ્થિતિ પણ નોંધપાત્ર રીતે સુધરી ગઈ છે. ભારેથી અતિભારે વરસાદ અને ઉપરવાસના ભારે વરસાદના કારણે રાજયના જળાશયોમાં નવા નીરની ભરપૂર આવક થતાં તમામ જળાશયો ૯૦થી વધુ ભરાઈ ગયા છે. જેને પગલે રાજયના ચાર જળાશયોને હાઈએલર્ટ પર અને ચાર માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હજુ ૪૮ કલાક સુધી રાજયભરમાં ભારે વરસાદની આગાહી હોઈ ઉપરવાસના વરસાદના કારણે રાજયના જળાશયોમાં પાણીની આવક અને વધુ નવા નીરની પ્રબળ શકયતા છે. રાજયના ૨૦૪ જળાશયોમાં છેલ્લા ત્રણ દિવસમાં વરસાદી નીરની નોંધપાત્ર આવક થઈ છે અને તેમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા પ્રાપ્ત અહેવાલ મુજબ, આજે સવારે આઠ વાગ્યા સુધીની સ્થિતિએ રાજયના ૨૦૪ જળાશયો પૈકી ચાર જળાશયો હાઈએલર્ટ અને ચાર જળાશયોના એલર્ટ જાહેર કરાયા છે. રાજયના ૨૦૪ જળાશયોમાં પાણીની કુલ સંગ્રહક્ષમતા ૧૫૭૭૦.૩૯ મીલીયન કયુબીક મીટર સામે હાલમાં ૪૯૮૬.૩૭ મીલીયન કયુબીક મીટર પાણીનો સંગ્રહ થયો છે. જેને પગલે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૧૫.૦૨ મીટરથી ઉપરની સપાટીએ વહી રહ્યો છે. રાજયના તમામ જળાશયોમાં વરસાદી નીરની ભરપૂર આવકને પગલે જળાશયો ૯૦ ટકાથી વધુ ભરાઈ ગયા છે. જેને લઈ તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે.




## યુઆરઆઈસીએમ ગાંધીનગર દ્વારા સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશ પટેલને ડોક્ટરી પદવી એનાયત કરી

યુઆરઆઈસીએમ ગાંધીનગર દ્વારા સાબરકાંઠા જિલ્લાના અગ્રણી આગેવાન અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશ એ. પટેલને ડૉક્ટરી પદવી એનાયત કરવામાં આવી હતી. આ પદવી બદલ જિલ્લાના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. જેઓ હાલ ગુજકોમાસોલમાં પણ સભાપદે ચૂંટાઈ આવેલ છે. જેઓ સહકારી ક્ષેત્ર ખુબ નામના ધરાવે છે. જેઓની ગાંધીનગર ખાતે ડૉક્ટરી પદવી એનાયત કરાઈ છે. તે બદલ સહકારી આગેવાનોએ અભિનંદન પાઠવેલ છે.

# સાનિયા દે મર્ડર કેસમાં બે આરોપીઓને દોષિત જાહેર

અમદાવાદ, તા.૩

૨૦૧૧માં કિન્નર સાનિયા દેના ચકચારભર્યા મર્ડર કેસમાં અત્રેની સેશન્સ કોર્ટે મુખ્ય શાર્પશૂટર ગણેશ અને શહેઝાદ છીપા નામના બે આરોઓને દોષિત ઠરાવ્યા છે, જયારે અન્ય ત્રણ આરોપીઓને નિર્દોષ ઠરાવ્યા છે. જો કે, સેશન્સ કોર્ટ દ્વારા કેસનો સજા અંગેનો સત્તાવાર ચુકાદો આવતીકાલે સંભળાવાય તેવી શકયતા છે. શહેરભરમાં જબરદસ્ત ચકચાર જગાવનાર આ કેસની વિગત એવી છે કે, ગત તા.૨૪-૧૧-૨૦૧૧ના રોજ શહેરના રૂપાલી સિનેમા પાસે પકોડીવાળાને ત્યાં સાનિયા દે કિન્નર પકોડી ખાતો હતો એ વખતે શાર્પશૂટરોએ પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કરી ત્રણ ગોળીઓ ધરબી દઈ તેની હત્યા કરી નાંખી હતી. કિન્નર સાનિયા દે મર્ડર કેસમાં શહેર ક્રાઈમ બ્રાંચે આરોપી વસીમ, રેનુ રાજપૂત, શહેઝાદ, શાર્પશૂટર ગણેશ સહિતના આરોપીઓની ધરપકડ કરી હતી. ક્રાઈમબ્રાંચની તપાસમાં ખુલાસો થયો હતો કે, સાનિયા દેના મર્ડર માટે સંજુ દે અને તેના પતિ શહેઝાદે મધ્યપ્રદેશના શાર્પશૂટર ગણેશને સોપારી આપી હતી. કિન્નર ગેંગની સ્પર્ધા અને પોતાનું વર્ચસ્વ જમાવવા માટે સંજુ દે એ સાનિયા દે ઉર્ફે સોનિયા માસીની હત્યા કરાવી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

### જળબંબાકાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સેકટરોના કોમન પ્લોટમાં પણ વરસાદી પાણી ઉભરાઈ રહયા છે. કાદવ કીચ્ચડના લીધે ગંદકી પ્રવર્તી છે. બીજીતરફ વરસાદી છાંટણા સાથે સેકટરોમાં લાઈટો ડુલ થઈ ગઈ છે. જેના લીધે વરસાદી વાદળોના ઘેરાવા સાથે આછા અજવાળાની વચ્ચે સાંજ ઢળતા જ સેકટરોમાં ઘનઘોર અંધારપટ્ટ છવાઈ જાય છે. નગરમાં વરસાદની પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહયો છે. દિવસે ઝરમર વરસતા વાદળો ગમે ત્યારે ભારે ઝાપટુ વરસાવી પલવારમાં જ પાણી પાણી કરી જાય છે. નગરમાં વરસાદની મોસમ જામી છે. ત્યારે વરસાદી સમસ્યાઓ પણ વિકરાળ સ્વરૂપે મોઢા ફાડીને ઉભી છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે શહેરમાં મોસમનો વરસાદ કુલ ૧૯૬ મી મી નોંધાયો છે. અલબત્ત શહેરમાં સિઝનનો વરસાદ ૮ ઈંચ થયો છે. શહેરમાં વરસાદી ઋતુ જામતા પ્રકૃતિમાં પણ નિખાર જોવા મળી રહયો છે. જયારે સર્વત્ર ઠંડક પ્રસરી છે. જેના લીધે લવલી મોસમનો નઝારો સર્જાયો છે.

### ઘર્ષણની સ્થિતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને મશીનોને વિસ્તારમાં ઘૂસણખોરી કરવાનો અને વધુ નુકસાન પહોંચાડતા રોક્યા હતા. ઘર્ષણવાળા સ્થળથી લગભગ ૨૦ કિમી દૂર સ્થિત પડોશી બ્રિગેડ હેડક્વાર્ટરથી વધુ દળોને ૮ જૂનના રોજ મોકલવામાં આવ્યા જે દરમિયાન અથડામણના કારણે બંને પક્ષોના સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ. વિસ્તારમાં સ્થિત પીએલએના ૧૪૧ ડિવિઝનથી તેમના સૈનિકો પહોંચવા લાગ્યા, ત્યારબાદ ભારતીય સેનાએ પણ પોતાની સ્થિતિને મજબૂત કરી.

### સેના પ્રતિબદ્ધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ જાણકારી આપવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે એન્કાઉન્ટર છેડવામાં આવે તો આ અંગેની માહિતી આપવી પડશે. મુખ્યમંત્રીની પાસે જ રાજ્યના ગૃહ વિભાગનો હવાલો છે. આ ઉપરાંત સુરક્ષા સંસ્થાના યુનિફાઈડ હેડક્વાર્ટરના વડા પણ છે. સેનાએ અનંતનાગ, પુલવામા, કુલગામ જેવા દક્ષિણ કાશ્મીરના જિલ્લાઓમાં ત્રાસવાદીઓની સામે ઓપરેશન ક્લિનઅપ છેડી દેવાનો નિર્ણય કર્યો છે. સુરક્ષા સંસ્થાઓએ એવા લેખકો અને પત્રકારોની ઓળખ પણ કરી લીધી છે જે પોતાના લેખ મારફતે ખીણમાં હિંસા ભડકાવવાનું કામ કરે છે. તેમને હવાલા ચેનલ મારફતે પૈસા મળે છે. તેમાં નિવૃત્ત જજ, પૂર્વ અધિકારીઓ અને સરકારી કર્મચારીઓ સામેલ છે. સીઆઈડીની સ્પેશિયલ બ્રાંચે એવા ૨૦ લોકોની લિસ્ટ તૈયાર કરી લીધી છે જેમાં હાઈકોર્ટના પૂર્વ જજ પણ સામેલ છે. ઈન્ટેલીજન્સ એજન્સીઓ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકવાદીઓના જનાઝામાં આવી રહેલી ભીડને લઈને પણ પરેશાન છે.

### પહેલા એજન્ડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપને જણાવી દઈએ કે રાષ્ટ્રપતિ ચૂંટણીમાં એનડીએ ઉમેદવાર રામનાથ કોવિંદનું સમર્થન કર્યા બાદ કોંગ્રેસના નિશાના પર આવેલા નીતીશે રવિવારના રોજ પાર્ટી પર જોરદાર પ્રહારો કર્યા હતા. નીતીશે કહ્યું હતું કે અમે આંખ બંધ કરીને કોઈની હામાં હા નહીં કહીએ, જે થવાનું છે તે થઈને રહેશે. અમારો એક જ સિદ્ધાંત છે, અમારો સિદ્ધાંત અટલ છે.

નીતીશ કુમારે હાલના રાજકીય પરિદ્રશ્યમાં પીએમ નરેન્દ્ર મોદી અને સત્તાધારી ભાજપાનો સામનો કરવા માટે કોંગ્રેસના નેતૃત્વવાળા વિપક્ષની રણનીતિ અને તેમની રાજનીતિ પર ગંભીર પ્રશ્ન ઉભા કર્યા. નીતીશે કહ્યું કે જો ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ગંભીરતાપૂર્વક મુકાબલો કરવો હોય તો રણનીતિમાં સંપૂર્ણપણે ફેરફાર કરવા પડશે. તેમણે કહ્યું કે અત્યારે કોંગ્રેસનું વધુ પડતું જોર પ્રતિક્રિયાવાળી રાજનીતિ પર છે, જ્યારે દેશને વૈકલ્પિક વિચારધારાની જરૂર છે. નીતીશકુમારના મતે વિપક્ષે માત્ર અસલી મુદ્દા જ નહીં પરંતુ તેના પર પોતાની પ્રતિક્રિયા અને વિઝન પણ રજૂ કરવા પડશે.

નીતીશે બિહાર વિધાનસભા ચૂંટણીનો હવાલો આપતા કહ્યું કે એનડીએના વિરોધ માટે મહાગબંધન નહોતું બન્યું, પરંતુ આરજેડી-જેડીયુ-કોંગ્રેસે સામાન્ય લોકોની સામે ગવર્નન્સની બ્લુપ્રિન્ટ પણ મૂકી હતી. બિહારમાં મહાગઠબંધનની સરકારને અતૂટ ગણાવતા નીતીશે કહ્યું કે હાલ કોઈ સંકટ નથી. તેમણે ફરી એકવખત પોતાને ૨૦૧૯મા વિપક્ષની તરફથી પીએમ ઉમેદવાર તરીકે અલગ કરી લીધા. સાથો સાથ કહ્યું કે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને લીડ કરવા જોઈએ.